ધૃવઆખ્યાન

તથા

સતભામાનું રૂશણું.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.

અમદાવાદ

શ્રી "જગદીશ્વર" પ્રીન્ટીંગ પ્રેસ.

આવૃત્તિ ત્રીજી. પ્રત ૪૦૦૦

સંવત ૧૯૦૫. સને ૧૯૦૫

કીંમત એક આનો.

૭૬૫

ધ્રૂવ આખિયાન.

રાગ ચંદ્રાવળો.

શ્રી ગણેશાએ નમઃ અથ ધ્રુવ આખ્યાન લીખ્યતે શ્રી ગુરૂ ગોવીંદને વરણવું, પ્રેમશું લાગું પાય, આરાધુ અવિનાશી એવા, આદી નીરંજનરાય, આદી નીરંજન અકલ સ્વરૂપ, રામે લીલા રમવા રૂપ, સૃષ્ટિ નીપજાવાને થઇ મનસાય, સુભટ થઇ પોઢયા જળમાંય જેજે વૈકુંઠરાય, હરી જળમાં પોઢયા સહી, શેશનાગ ઉપર ને જાય. નારાયણની નાભી કમળથી બ્રહ્મા પ્રગટજ થાય, બ્રહ્માના સ્વાયંભૂતન, તેના પાંચે પુત્ર પાવન, ત્રણ કન્યા બે પુત્ર વિખ્યાત. પ્રિયવ્રત તનને ઉત્તાનપાદ જેજે વૈકુંઠરાય, ઉત્તાનપાદ નર નિપજ્યો રાજા રૂપ નીધાન રાજાને બે સુંદરી તેનાં સુરતી સુમતી નામ, સુરતી ઉપર નહીરે ગાન, તેના ધરૂવજી એક સંતાન, સુમતી ઉપર છે ઘણું હેત, તેનો કુંવર ઉત્તમ એક જેજે વૈકુંઠરાય. ઉત્તમને ઉછંગે બેસાડીઓ રાયે, સભા માંહી એકવાર, પુત્ર લડાવે પરેમશું, રાણી હરખે હરખ અપાર હરખ ન માયે હઇડા માંય, ધરૂવજી રમતા આવ્યા ત્યાંય, ઉછંગે બેસવા કીધાં મન; અપરમા કહે કઠણ વચન. જેજે વૈકુંઠરાય, અપરમા એમ બોલીયા ભુંડા, એ સુખ તુજને ક્યાંથી, અભાગણીના પેટ તણા તું, જાને આકરમી ઇહાંથી, ઇહાંથી જઇ વનમાં તપ માંડ હરી ભજીને કાયા છાંડ, ફરી જનમ લે મારે શરીર, તો તને રાજ અપાવીશ વીર, જેજે વૈકુંઠરાય. વચનો વિનતાના સાંભળી ઉતરયો મોંનો રંગ, સભા તે સઘળી દેખતાં, ધરૂવજી થયા માન ભંગ, માન ભંગ થઈ નાંખ્યો નીશવાસ, રોતા આવ્યા માની પાસ, માયે ત્યાં મુ રૂદીયા સાથ, કહો કુંવર કોણે દુભવ્યા આજ, જેજે વૈકુંઠરાય

આ સભામાં નાનડી બેઠો ઉતમરાયને ખોળે, ઉછંગે બેસવા હું ગયો ત્યારે અપરમા એમ બોલ્યાં, અપર કહે અભાગણી કેરા, સુખ વાંચ્યો તો વન જાઓ વેહેલા, ફરી જનમ લે મારે શરીર, તો તને રાજ અપાવીશ વીર, જેજે વધુકુંડરાય. વળતી માતા ઉચરે, કુંવર કહાડે ન ધરીએ દુઃખ, પુરબ પુન્ય કીધાં હશે ત્યારે, તે ભોગવે છે સુખ, સુખ આપણને ક્યાંથી વાલા, નીયમ ધરમ કશા નથી પાળ્યા, નથી સંતારયા જોગી જતી, તપ તીરથ પરવ કીધાં નથી, જેજે વધુકુંડ રાય. નથી સંતોસ્યા સાધુને, નથી આપ્યાં વીપ્રને દાન, ઓછાં કરમ આપણાં, ત્યારે ક્યાથી રાયના માન, માન ભોગવે ઉતમ નીત, હરી વીના ક્યમ પામીએ વીત, જો હોય ઇંદ્રાસનનો ખપ, તો કુંવર જઇ માંડો તપ, જેજે વધુકુંડરાય. તપ માંડ્યો બ્રહ્માજીએ ત્યારે પામ્યા પદ્માસન, સેવા કીધી મન ભાવતી, ત્યારે પ્રગટ્યા નારદ મુન, મુનીએ માંડ્યો મોટો જાગ તપ તીરથ વરત થયાં સુભાગ, જો કરીએ શ્રી હરી પ્રસન, તો અભાગીયાં ટળીએ તન, વનમાં જાઉ વેગે કરીને, સુખ સંભારૂ ન અન, સુખ સંભારે સાસે જેહ; વીસ્વંભરે પરઠી દેહ, હરી મળે તો તાપ ઓલાય, નહીતર પ્રાણ તજુ રે માય, જેજે વધકુંઠ૦ માતાને આંસુ આવીયા, ને અંતર ઉપજી દાઝ, રાજાએ મને પરહરી, કુંવર તુએ કરેછે તાજ, તુજ વીના હું રહીશ કેમ, ટોળાં વછુટી અગલી જેમ, જળવીન જેવી માંછલી મારા પ્રાણ જશે ટળવળી, જેજે ટળવળ મારે માવડી તું, હવે દુઃખનો આવ્યો અંત, બીજ રોપાવીશ સુખનું, તેને ફલ લાગશે અનંત; અનંતકરૂણા કરશે હરી; આપણી આશા પુરશે ખરી, એછે અનાથનોરે નાથ; તેને ભજવા જાઉ માત. જેજે. વળી માતા એમ ઉચરે કુંવર, પાંચ વરસનો તન, બીજુ બાળક એકે નથી, કેમ હું વાળુ મન, કેમ મોકલુ વનની વાટે, કહેતામાં મારા હૈડાં ફાટે, આંખની આગળ રહેરે બાળ, ઘેર બેઠાં ભજીયે ગોપાળ, જેજે. ૧૪ ઘેર ગો·

પાળ ન પામીયે; મનમાં મોહ ઉપજે માય, ખાતાં પીતાં પેહેરતાં
માતા કેમ દમાશે કાય, કાયા દમતાં સરસે કાજ, તપ કરતાં મળશે
મહારાજ વનમાં જઇ"હુ વેહેલો આવીશ, માતા દો મુજને આશીશ
જેજે. ૧૫ આશીશ દેછે માવડી સુતને હજો કુશળ કલ્યાણ મસ્તકે
રક્ષા માતની, કંઠે કૃષ્ણની રક્ષા જાણ, કંઠે કરજો કૃષ્ણ રક્ષણ ઉર-
ની આગળ નારાયણ, કટી કેશવ પુરૂશોતમ પાય, એવી આશીશ
દેછે માય, જેજે. માને આંસુ આવીયા ત્યારે, થંભીને રાખ્યાં નીર,
મારી જીભે કેમ કહું, વનમાં વીચરો વીર, વીર વચન કોના નવ ધ-
રશો, તપ કરતાં માયા નવ કરશો, તપથી તમને મળશે હરી, નિરા
તેંગે પધારજો ફરી. જેજે. ૧૭ ફેરા ફરીયો માતનેરે; ફરીને લાગ્યો
ચરણ; આગ્ના માગીને સંચરો; વદીને સુકન સામી મળી સવત્સી
ગાય, સુવાસણી બેડું ભરી જાય; વર કન્યા પરણીને મળ્યા, વેદ ભ-
ણતાં વિપ્રજ મલ્યા, જેજે. ૧૮ મલ્યા શુકન સઉ હરખના ધરૂવજી
નિકલ્યા નગર બાહાર, આગળ જાતાં ધરૂવજીનેરે મળ્યા બ્રહ્મ કુમાર
બ્રહ્મ કુમાર ભગવાનને ચાહાતાં, હરી ગુણ ગાતે વેણુશું વાતા; કર
જોડી કહે છે ભુપ તન, ક્ષમા કરો તમે નારદ મુન્ય, જેજે. ૧૯ ના
રદ કહે છે સીદ જાઓછો, શું છે તમારે કામ, કોણ તમારાં માતપિ-
તાને, શું છે તમારૂ નામ, મારૂ નામ છે ધ્રુવ નિરધાર, મારા પીતાને
બેછે નાર, રાવરાણા બેઠા સો રંગ; ઉતમને તેડયો ઉછંગ. જેજે.
૨૦ ઉછંગે બેસવા હું ગયો, મારી ખાત હૈયાની ખોલી, દ્રષ્ટીએ,
મુજને દેખીને ત્યારે, અપરમા એમ બોલી, અપર કહે અભાગણી
કેરા, જો સુખ વાંચે તો વન જાઓ વેહેલા, ફરી જનમ લે મ.ર
પેટ, તો તને રાજ અપાવિશ નેટ જેજે. ૨૧ નેટ નારદ કેમ ભોગવું.
એતું આપ્યું ધન, સભા સઘળી દેખતાં, મને કીધાં કઠણ વચન,
કઠણ વચન તે કેમ વિસરે, લોઢાન શમ હોય તો નિસરે, ખડગ તણો
તે સહીયે ઘાય, પણ એવા બોલ સહયા ન જાય જેજે. ૨૨ જારે

ધેલી અત્યારથી તું એવડો શે ધરે કાળ, માન અપમાન શું તાહરે,
તું તો પાંચ વર્ષનું બાળ; બાળકને શા ધારવા બોલ, ખાઓ પીઓને
કરો કલોલ; અપરમાના એવાં હેત, વીચારીને વાળો ચેત. જેજે. ૨૭
ચીત તે કેઇ પેરે વાળીયે, મને બોલાવ્યો નહી બાપે, કસાલમાં બે-
ખાયો નહિ હું તો, તે ઉકળુંધું તાપ, તાપ કુંવર નહિ આણીયે રતી,
સુખ દુખનું કોઇ સરીરત નથી, હરીએ નિરમ્યું તેમજ હોય; કર્યાં
કરમ છોડાવે ન કોય. જેજે. કાં કાગે વરધી લાણુ છે તેનો ન ધર્યો
હરખને શોક. અણુચિંતવીયું જે આવિ મળે, તેને ધરે સંતોષ મં-
તોષી કુંવર ઘેર પધારો, અપરમાના બોલ વીસારો, આવ કુંવર તાર
બાપને કહું. રાજ અપાવું તે માને સહુ. જેજે. સભામાં શું દેખાડીએ
સહુકોમાં વળી નાક સભામાં જ્યારે જાઇશું, મનપુરસે અભીલાખ
લાખલાખેણા કરસે હરી, ત્યારે મંદિર આવીશ ફરી, તપ કરતાં જો
હરી નહી મળે, તો મુજ પ્રાણ તજીસ હું બળે. જેજે. બળ કાંધે હ-
રી નહી મળે, માનો મારા તન, જનમ થકી જોગી દેહ દમે, સ્વપ્ન
નહી દરશન, દરશન તમને કેમ આપશે. વન જઇને વિમાસણ થશે
વાઘ વરૂ વનમાં બહુ હશે, તે દેખી તુજ તન ધ્રુજશે. જેજે જાશે
ચીત સંસારમાં ત્યારે સંભારશે રંગ ભોગ ભુખ તરશ જ્યારે લાગશે,
ત્યારે કુંવર મુકશો જોગ જોગ રૂસી નહી મુકું સ્વામ, મન મંદીરો
રાખીશ ઠામ, મેરૂ ચળે પણ ચુકું નહી, રૂસીજી તમ પ્રતાપે સહી જેજે
રૂસી કહે તું નીસર્યો, ત્યારે જાને મધુવન માંય, જમુનાજીમાં નાહીને
તું તપ આદરજે ત્યાંય, તાં જઇ કરજે અલ્પ આશન, જળપત્રને ફુળ
પ્રાશન, વળી તું ભજજે સ્યામ સુંદીર. જેજે. ૨૯ સ્યામને શીશ મુ-
ગટ છે; કાને કુંડળ મકર કીર, કોટે કૌસ્તુભ કટી મેખલા, પાય નેપુરનો
ઝણકાર, પાવ પદમ શંખ ચક્રને ગદા, એવું રૂપ સમરજો સદા કા-
નમાં અક્ષર કહુંછું જેહ, દ્વાદશ અક્ષર જાણજો એહ. જેજે. ૩૦

એમ કરતાં ખટ માસમાં તુજને. મળશે વૈકુંઠનાથ, આસીરવાદ દેઈ દાસને, મસ્તક મુકો હાથ હાથ જોડી ધ્રુવ લાગ્યો ચરણ, આગના માગી વિચર્યો અરણ્ય, એ કથા રહી એણે ઠામ રૂશી પધાર્યા રાયને ગામ. જેજે. ૩૧ મુની આવ્યા મહાર જપે, જોવા રાય તણુ સુખમન માન દીધાં બ્રહ્મ પુત્રને, વળી આપ્યા આસન, આપ્યા આશન બેઠા રૂશી, આશા ઉત્તમ તાતને વશી, આ બારે રૂશી સુખના રાજ, ધ્રુવ વિના ચીંતા અતી આજ. ૩૨ આજ સભામાં રૂશીજી મારે, ઉત્તમ ખોળા માંય, ધ્રુવજી હોય તો આજ વધે બહુ ઉછંગની શોભાય, ઉછંગે બેસવા ધ્રુવજી આવ્યો, તેને તો મેં નવ બોલાવ્યો, આને વરાંસે વીસર્યું બાળ, અપદમાએ દિધી ગાળ. જેજે. ૩૩ રૂશીએ વચને નીસરીયોરે, વીરો ગયો છે વન. વનમાં વાઘ વરૂ હશે, તેને દેખી ધુજે તન, તન ધુજશે તડકે ટાઢે મંદીરમાં માલતો લાઢે વાયુ ભ્રષ્ટી કેમ શેહેશે કુંવર, એન કાયા કોમળ સાર. જે. ૩૪ કોમળ પટકુળ પહેરતો, કેમ ઓઢે મ્રગચર્મ તેહ, મસ્તક બાંધતો મોળીયું, કેમ જટ રાખશે એહ, એહ આનદે હરતો ફરતો, ઘોડાની અસવારી કરતો કાંટામાં કેમ સુસે બાગ; એની સજ્યા અહીં છે સાર. જેજે. ૩૫ સારા અંન આરોગતો, તે ફળ પત્રો કેમ ખાશે પાણી પીતો પ પળે; તે જળ વીણ કેમ રેહેવાશે, તેની વતી રેહેવાશે કેમ તે વીના હુ દાઝું એમ, વિનાનો થયો શરીર; વિસરતો નથી તેહજ ર. જેજે. ૩૬ વળી વીરો અહીંયા આવતો રમતો રંગ અપાર, ભુ ખ તરસ જ્યારે લાગતી. સુખડી માગતો સાર સારી સુખડી સુ મેવા; કાલુ કાલુ બોલતો લેવા. તેણે અમને કીધાં તાજ, પુત્ર વી શું કરવું રાજ. જેજે. ૩૭ શુ કરી એ વળી સાહેબી. ચીન ઠરી નથી કોઇ ઠામ શું કરીએ આ રાજને, શું કરીએ ધનને ધાન ધાન ગયું અમારૂં આજ. પુત્ર વિના સૌ સુનો સાજ. પુત્ર વિના દુરબળ દુખી. મારા પ્રાણ જશેરે રૂપી. જેજે ૩૮ રૂપી

કહે તમે માં રૂવો; મને મળ્યું હતું તે બળ, આશીરવાદ દેઈ મોકલ્યો. ભજવા શ્રી ગોપાળ. ગોપાળ ભજશે દીવસ થોડે, કુંવર ઘેર પધારશે કાડે માડે રાજને છોડે દુખ એવું કહિને વળીયા રૂષી જેજે, ૩૯ રૂષીને ચરણે લાગીને ધ્રુવ વીસર્યો વનમોઝાર. મધુવન પો હુચ્યો પ્રેમથી, કીધો ત્યાં જઈ તપવિચાર. ત્યાં જઈ માસ કીધો અ-પવાસ બીજે માસે ફળ કંદ પ્રાસ ત્રીજે માસે છઠે દીવ એમ ચોથે માસે જળનો નેમ. જેજે. ૪૦ નેમ ધરીને નેહ થકી ભજે, ઇશ્વર અશરણ શરણ પાંચમે પ્રાણજ રૂધિયા વરૂવજી, ઉભી રહી એક ચરણ ચ-ણ ચતુરભુજ ચીતમાં ધર્યા દ્વાદશ આક્ષર મનમાં ભણ્યા એવી એમ કરતાં વીત્યા આઠ માસ રૂદિયામાં ઓળખ્યા અવિનાશ જેજે ૪૧ અ-વિનાસીને ઓળખ્યારે. એમ ઉભો રાજન; પૃથ્વી લાગી ડોલવા. ત્યારે ડોલ્યું ઇદ્રાસન ઇંદ્ર અમર સહુ એકઠા થયા. વેગે કરી વૈકુંઠે ગયા જઇ કેશવને લાગ્યા પાય. મધુવનમાં કોઇ ઠરટે કાય જેજે; કાયા કસ્ટ વસ દાખવિ એ પંદ્રીમન અચેતઃ અચરત એનો અતિ ઘણું. એમ બોલ્યા અમર ધરી હેત. અમર કેહે અમને બીક લાગી. રખે લીએ. ઇંદ્રાસન માગી વિરણું કહે સાંભળ સુરપતિ, રાજ ભોગ એ ઇચ્છતો નથી જેજે ૪૩ નથી ઇચ્છતો સપતીને કે ન-થી ઇચ્છતો સુખ તેહ ચરણ ધરયા ચીને મારા ક્ષણ અળગો ન મુજથી એહ મુજ થકી અળગો નહિ એહ; એણે દમી છે પુરણ દેહ. સદા સમરણ રાખે છે મારું કહોજી એને કેમ વિસારૂ જે જે ૪૪ વિસાર્યો વિસરે નહી એને આપીશ અવિચળ આર્ય નામ નામ નહી લે તે તમ તણું: કાંય બીહો છો વ્યર્થ; ઇદ્ર તણું આ-સનાં વાસના કરી. શુર નાયક મોકલ્યા ફરી; રૂડે ચડી અપ્સરા હરી વનમાં આવ્યા વેગે કરી, જેજે ૪૫ ઠરયો નાદ જ્યારે સંભળો ત્યારે

ધ્યાનમાંથી ધ્રૂવ જાગ્યા નેત્ર ભરી નિહાળીનેરે.પ્રેમ શું પાએ લાગ્યા પ્રેમે
કરી પરણાવ્યા નાથ હરીએ મેલ્યો મસ્તક હાથ નીરમળ વાણી હવી
પ્રક પ્રસ્તુતિ કરે કરજોડી દાસ જેજે ૪૬ દાસ દયાળને વીનવે તમો
સરવે જગતના ભુપ. અકળ તમારિ ગતી છે નારી, અકળ તમા-
રૂં સ્વરૂપ સ્વરૂપ નામ તમારા જેહ. ગણતાં પાર ન પામું તેહ.
સઘળી વાતે છો તમે સ્યામ,પ્રાણી મંત્ર કરે પ્રણામ જેજે ૪૭ પ-
રમાત્મા પરમાત્મા શ્રી હરી. સારીંગ પ્રાણી હોય અદ્ભુત શક્તી આ-
પની તારો પાર ન જણે કોઈ પાર ન જાણે કોય લગાર હું કેમ
પામીશ પાર. એવું સુણી હરખ્યાનરહર, કુંવર કાંઇ એક માગ્ય તું
વર જેજે ૪૮ વર કેમ માગુ વીરલા હું તો કરીશ તમારિ સેવો,
વિષય ભોગ: સંસાર છે એતો સુપનામાં સુખ જેવા; સુપના જેવી
કાચી કાયા, સંશારની શી ઘરવી માયા, માયામાં તમે ન મોકલા.
વાહીને ન કરો વેગળો જેજે ૪૯ વેગળો વીરા ક્ષણ ન કરૂં વળી
તું વહેલો આવીશ જે ફળ દુરલભ દેવને માળવું. તે ફળ તું પમીશ,
તે ફળ તુજને આપુ આજ સંસારમાં તમારી ન રહે લાજ; લોક
કહે રઝળીને સુઓ સ્વજનોમાંથી પડયો જુજવો જેજે ૫૦ પડયો
સ્વજનમાંથી જુજવો ત્યારે સુરતીને દુખ થાય ઘેર જાને વીરા તું
તારી વાટ જુવે છે માય માને બાપ તણાં દુખ કાપો, અહાંથી
જઇ સહુને સુખ આપો મારી આજ્ઞા પાળજ આજ છત્રીશ હજાર
વર્ષ ભોગવ રાજ જેજે ૫૧ પવનરાજ ભોગવી તું આવજે તને મોકલીશ
એક વીમાન તેમાં બેશી તું આવજે તારૂં થશે જગતમાં જાણ જા-
ણ જગતમાં થાશે રાય તેણે વધસે તુજ મહિમાય આપી વચન વ-
ળા ગોપાળ જમુનાજીમાં નાકું બાળ જેજે ૫૨ બાળકને મારગમાં
જાતાં ઉપજ્યો મન વીચાર જે ફળ દુર્લભ દેવ ગણે મને મળ્યા

મોરાર મળા મોરાર પણ હું નહી ફાવ્યો, ફરી ભજીને માયા લા-
વ્યો. આગળ ફુપીજી કહેતા એમ, તમને ત્રીકમ ગળશે કેમ જેજે
૫૩ મુજને ત્રીકમજી મળા મેતો, જાતા દીધા ફોક, ફરી જઇશું
સંસારમાં, મુને હશશે દુરીજન લોક; લોક કેહશે એનિ બુધી થોડી,
રત્ન આપીને લાવ્ગો કોડી, પણ એક જસહું મોટો લાવ્યો,હરીના
દરશન કરીને આવ્યો જેજે પણ હરિ દરશન કરીને આવ્યોજેજે૫૪
હરિ દરશન કરીને આવ્યો, સાચ્ય ભાવ તમારો તન; હું દુખિયાને શુ
હસોછો રે, તમે તે સરવે જન, દુખીયાને સુ હસવુ વને ગયા કેમ
આવે પાછા, વને ગયાને થયા ખટ માસ; તે કુંવરનો સો વીશવાસ
જેજે પાપ ઉર વીશ્વાસ ન આવ્યો ત્યારે આવ્યા નારદ મુન્ય,હરી
દરશન કરિને આવ્યો રાય તમારો તન; રાય તમારો તન ઘણું જી-
વો, એ કુળમાં પ્રગટો છે દીવો; વચન સુણી રીઝા નરપતી,વળત
વધામણી આપી અતી જેજે ૫૬ વધામણીઆં આપ્યા રૂડા; રાયે
એકાવળ હાર; રથે બેશીને શાંચરીયા, ને સાથે સુત બે નર;નારીને
શીર સુવરણ ઝારી,ભેટ બલી લીધિ છે ભારી;રાય રથેથી ઉતર્યા જ્યારે
પુત્રે પરણમ્યા તે વાર જેજે. ૫૭ પ્રથમ પ્રણામ અપરમાને તે બેટાડા
શ્રીપાળ વગી માતા એમ બોલીયાં. મું વણી બોલો સત્ય તે સહી
આપણી આશો પુરણ. થઇ વીરા હુ જોતી હતી વાટ; તે મહારો
ટાળો ઉચાટ જેજે; ૫૮ ઉચાટ મનનો ટાળો કુંવર તેડો આનંદ
ભેર હેતનાં આંસુ આવ્યા તારે દુધની ચાલી સેર, સેર ચાથી તે કુ
વરે પીધી; માતાએ ઘણી આશીશ દીધી; ઘણા વરસ જીવોરે તન,
તમે કરયા છે કુળ પવન. જેજે. ૫૯ પાવન કરા કુળ આપણું
વશે વધારો નામ. નહીમા વધારો જગતમાં, તે ભજીને શ્રી રામ

રામ, બગત તડકામાં દીઠા; ઉતમે ત્યાં છાંવડા દીધા; બને ભાઇની પોતી રળી; હેતનાં આંસુ આવ્યાં વળી જેજે ૬૦ નળી રોપાયા બારણા આગળ. કોમળ કેળના થંભ. અક્ષત અકુર કુમકુમને જળ. ભરી ચઢાવ્યા કુંભ; કુંભ ઉપર અક્ષર લખીયા આજ. ધરૂવને અવી ચળ હોજો રાજ; ઢોલ દદામાં ભેરી નાદ. ધરૂવ પધારા નીજ પ્રસાદ જેજે, ૬૧ પ્રસાદ માંહી પધારા ત્યારે, હરખો મધળો સાથ;ભાવતાં ભોજન પીરશાં તારે; કાઢી વીવાની વાત; વીવાહ કીધો અહલ્યા સાથે પ્રેમે ટરી પરણાવ્યા નાથે ઇંદ્રની કુંવરીને રાજકુમાર; ધરૂવજી પરણ્યા બીજી નાર. જેજે. ૬૨ નારી સાથે રંગે રમે; સુખમાં કાઢે દન: રાજાએ વળો તેને આપુ પોતાનું આસન, આસને બેઠા ધરૂવ જી જાણુ; વરતાવી પોતાંની આણુ. શાસ્ત્ર પ્રમાણે કરી નીરધાર વરતાવે વરણાશ્રમ ચાર, જેજે ૬૩ વરણાશ્રમના ધરમ બધાને; સમજાવે સુજાણુ આપણુ આપણા ધર્મ પાળીએ; જે લખુ હોય નીરવાણુ શાસ્ત્ર ભણેરે બ્રહ્મ, આયુધ બાંધવા ક્ષત્રી ધરમ. વઇશયને કરવા ખેતી વેતર સુદ્રને સેવાનો અધીકાર. ૬૪ સેવા તે સઘળી વરણુન હરી ભજેને નિત્ય વરણુ ધરમ સહુ પાળીએ સાચુ બોલીયે તે સુભ રીત સાચુ બોલી સ તોશ વાળીયે; મોહ માયા મત્સર ટાળિયે ન કરો કુડ કપટ અનિપાય એટલી સીખામણ દે છે રે રાય. જેજે ૬૫ છત્રીસ હજાર વરસ વહી ગયા તારે; આવ્યું વિમાન પાસ, વિમાને બેસીને સંચર; ધરૂવ ગયા આકાર આકાશમાં ધરૂવ બેઠા જઇ વળી અવીચળ પદતો પામા તહી; જે ગાય ધરૂવનું આખ્યાન. તેતો પામે અવીચળ સ્થાન જેજે વઇકુંઠ રાય,

[સમાપ્ત.]

સતભામાનું રુષણું.

શ્રી ગણેશાયનમઃ સતભામાનું રૂષણું લખ્યું છે. રાગ હલક ની—નારદ સ્વરગ ભોવનથી આવ્યા, એક પુસ્પ અનોપમ લાવ્યાં પુસ્પ આપ્યું રૂક્ષ્મણી નારી, સતભામા મુકયાં વિસારી, નારદ સતભામા મંદિર ગયા, પેલા માંડી સમાચાર કહ્યા; તમને નવ ગણે તરણા તોલે, એવું વચન રૂક્ષિરાય બોલે મેતો વચન સાંભ-ળ્યું તમારૂ, ઘણું કાળજું દાઝયું અમારૂ, મારી શોકીન ધરશો રોશ શામળીએ પાડ્યોરે શોષ; હું શું કહુ મુખ સબંધી, એવાં નીરધા નીઆં થયાં કદી, સુણી નારદજીની વાણી, ઘણું રોશે ભરાયાં રાણી એવુ કહીને નારદજી સધારયા, સાંજ પડીને સામલીઓજી પધારયાં: સ્વામિ ગોવંદીઓનો પુછે, નારી આતે કારણ શું છે.

પદ ૧ લુ—માન મનના માણ્યા રાજ્ય, મારે ઘેરશિદ આ-વ્યા, એમ ખીજી બોલ્યાં સતભામાં રાજ, મારે ઘેર શિદ આવ્યા તમને ગોવાળીએ મત દીધી રાજ, મારે ઘેર શીદ આવ્યા; તમે આહિરની એઠી છાશપીધી રાજ. મારે ઘેર શીદ આવ્યા. તમે મ રદ મટીને થયા મેહેરી રાજ, મારે મોહોલે શીદ આવ્યા; તમે વાના મટીને થયા વેહેરી રાજ, મહારે મોહોલે શિદ આવ્યા સ-હુકો કેહે છે કાછલડી તમે પંહેરી રાજ, માહારે મોહોલે શિદ આ વ્યા, તમે જાચક થઇને જાચ્યા રાજ, માહારે મોહોલે શિદ આવ્યા, આવડી રૂક્ષમણી વાહલી કેમ કીધી રાજ; મારે મહોલે શીદ આ વ્યા મહારે બાપે પરણાવી કેમ દીધી રાજ, મારે મહોલે શિદ આવ્યા. તે વાતો કાગળીએ લખી લીધી રાજ મહારે મોહોલે શિ દ આવ્યા તમે અગને વખડાં ગોળી શે ન દીધાં રાંજ, મહારે મ-હોલે શિદ આવ્યા. તમે અમછાના રથડા ખેડયા રાજ, મહારે મ-હોલે શિદ આવ્યા. એમાં ગોવીંદો શું જાણે રાજ પ્રભુ પોતાની સુજ પ્રમાણે રાજ, મહારે મહોલે શીદ આવ્યા.

પદ ૨ જું–મ્હારા વહાલા સનાદે રહેજ્જો, માહારૂં કામ પડતો અળગા રહીને કહેજ્યો, મીઠા બોલા સનાદે રેહેજ્જોરે, નંદલાલ સનાદે રહેજ્જો. ટેક. સાખી–પારી જાતકની પાખડી, નારદ સ્વરગ ભોવનથી લાવ્યા, સનાદે રેહેજ્જો, મારૂ કામ પડે તો અળગા રહીને કહેજ્જો, સનાદે રહેજ્જો, આવા અનોપમ પુશ્પ મંગાવી; આપ્યાં રૂક્ષમણી નારી, ગાયા તમારી જાણી મોહનજી, હેત હઇઆનું લીધુ તાણી. સનાદે રેહેજ્જો; મહારા વહાલા સનાદે રેહેજ્જો મીઠી બોલા સનાદે રેહેજ્જો મહારૂ કામ પડેતો અળગા રહીને કહેજ્જો. એ ધન્ય દેશમાં હેતો હતો; તે કોણ કરમ ગત લાગી; ઓછામાં એક પુરૂ કરવા, કરમે રૂક્ષમણી ક્યાથી જાગી; સનાદે રેહેજ્જો મારા વહાલા સનાદે રહેજ્જો; મીઠા બોલા શનાદે રહેજ્જો; મારૂ કામ પડેતો અળગા રહીને કહેજ્જો, સનાદે રહેજ્જો; પરણ્યા પહેલી સાસરે સધારી એનુ કુળ જુઓ વિચારી; કુટુંબમાં તો કલંક ચડાવી એ નારી; સનાદે રહેજ્જો, મહારા વહાલા સનાદે રહેજ્જો; મીઠા બોલા સનાદે રહેજ્જો, મહારૂ કામ પડે તો અળગા રહીને કહેજ્જો; સનાદે રહેજ્જોરે; ક્રોધ કરીને બોલ્યા સતભામા, જારે જીવડા માહરા; આજીવ્યાથી મરવું ભલું, નયણે વહે છે જળધારા, સનાદે રેહેશોરે. મારા વાલા સનાદે રહેજ્જોરે, મારા વાલા સનાદે રેહેજ્જોરે, મીઠા બોલા સનાદે રહેજ્જોરે. મારૂ કામ પડે તો અળગાં રહીને કહેજ્જો; સનાદે રેહેજ્જો. અમો અમારે ઘેર તમો તમારે ઘેર, રાજ રાખશો તેમ રહીશુ; આ દુખથી અધિક પડશે તે, કૃષ્ણજી તમને કહીશુ, સનાદે રહેજ્જો; મારા વાલા સનાદે રહેજ્જો, મીઠા બોલા સનાદે રહેજ્જો; મારૂં કામ પડે તો અળગા રહીને કહેજ્જો. સનાદે રયેજ્જોરે. ત્યારે રશીયો રહીને બોલ્યારે, માનીતી મને બોલોરે; એક ગુનો મારો માફ કરો, ફુલ લાવુ દહાડી દહાડી; તારા સમજો તહારે આગણે કહાનો વવરાવુ ફુલવાડી; સોહાગણ બોલોરે; મહારી વહાલી સોહાગણ બોલોરે, મીઠા બોલી સોહાગણ બોલોરે; હેત નાભી કમળના ખોસો, રંગભીની સોહાગણ બોલોને; એક ફુલ એકલડીને આપ્યું અમે રહ્યાં ઓંખ્યો મી

ચી; મેં જાણ્યુ મારા નાથ આપશે, સહુકોને સરખુ વહેંચી, સનાદે રહેજો; મારા વાલા સનાદે રહેજો. મીઠા બેલા સનાદે રહેજો, મારૂ કામ પડે તો અળગા રહીને કહેજો. સનાદે રહેજો. નારદને તો સઉકો જાણે, ઘેર ઘેર રાઢ ઘલાવે; બે ચાર ઘેર વઢવાડ ઘલાવે ત્યારે અન એને ભાવે. સોહાગણ બોલોને; મહારી વહાલી સોહાગણ બોલોને; હેત નાભી કમળનાં બોલો મારી પ્યારી સોહાગણ બોલોને નારદ રૂષિસદાએ સુખી, કદીએ જુઠું નવ બોલે, જેવું હોય તેવુ મૂખપર કહે છે, તમો નથી નારદજીને તોલે, સનાદે રહેજો; મારા વાલા સનાદે૦ ૧૦ ત્રીકમ કહે સુણો તારૂણી, ખોલો ઘુંઘટ મુખ નીરખુ; આજથી શીખાણુ લાગી, હવે આપીશુ સહુકોને સરખુ. સોહાગણ૦ મારી વાંલી૦ હેત નાભી કમળ૦ મારી પ્યારી૦ ૧૧ એવા વચન તો ત્યાં જઇ કહીએ, જયાંહાં હોય બાળક નાહનાં: સાચુ જુઠુ તેને માને, પછી ફુલરાવે રહે છાનાં. સનાદે રહેજો, મારા વાલા મીઠ, બોલા૦ મારૂ કામ પડે તો૦ સનાદે૦ ૧૨ કોમળવદની શું કઠણુ થાઓછો. કોઈ એક કારણુ થાસે; એમ કરતાં રાત વહી ગઇ હમણાં વહાણુ વાહાશે, સોહાગણ બોલેને મારી વહાલી૦ મીઠા બોલી, હેત નાભીકમળનાં૦ મારી પ્યારી૦ ૧૩ કારણુ થાસે તો તમારૂ શું જાશે, તમે રહેજો અવીચળ જોડી; રૂક્ષમણીને તમે મોકળે મહાલજો, અમે રહીશું આંખ ચોળી. સનાદે રહેજો. મારા વાહાલા સનાદે૦ મીઠા બોલા સનાદે રહેજો, મારૂ કામ પડેતો૦ સનાદે૦ ૧૪ આવડો એનો ભય લાગે છે, એવડું શુ કામણ કરવું; જુવો કોઇ પલંગ પથરાંણ્યો, પ્રભાતે પાણી ભરવુ, સનાદે રહેજો, મારા વાલા સનાદે મીઠા બોલા સનાદે૦ માહારૂ કામ પડે તો અળગા રહીને૦ સનાદે૦ ૧૫ આસમેસો કહજોડી ઉભા, જાદવ પાથરે ઉજાસમાં; કાલાવાલા કરે ગોવીંદનો સ્વામી; તોએ ન માને સતભામા, સોહાગણ બોલોને મારી વાહાલા સોહાગણ બોલો. મીઠા બોલી સોહાગણ બોલોને, હેત નાભી કમળનાં બોલો, રંગભીના સોહાગણ બોલીને. ૧૬

પદ ૩ જું–રાગ ઝુલણુ, તમે છાનામાના ઘેર જાઓરે, જાદવકુળ ક્યાં જોયું; મારા બાપે લંછન લોયુ રાજ, જાદવકુળ ક્યાં જોયુ, ટેકઃ સાખી–કોઇ પરણીને કોઇ કુવારી, કોઇ હરણ કરીને લાવ્યા; એવાં હીણાં કરમ કરીને, પ્રભુજીને ભરમાવ્યા. જાદવકુળ ક્યાં જોયું તમે છાનામાના ઘેર જાઓ રાજ, જાદવકુળ ક્યાં જોયું; મારા બાપે લંછન લોયુ રાજ, જાદવકુળ ક્યાં જોયુ ૧ મરજો માહારાં માબાપ જો, આ મુહુરતે મન મોહ્યુ, છપન કોટી જાદવ મુકીને, કૃષ્ણકુળ ક્યાં જોયુરે; જાદવકુળ ક્યાં જોયુ. તમે છાનામાના ઘેર જાઓ રાજ; જાદવકુળ ક્યાં જોયુ, માહારા બાપે લંછન લોયુ રાજ જાદવકુળ ક્યાં જોયુ, પાપી પંડ પડતો નથી શે, પ્રાણ માહારા નિસરજો; મુવેલાં માબાપ મારાં મુવાં હોય ત્યાંથી મરજો, જાદવકુળ ક્યાં જોયુ; તમે છાનામાના ઘેર જાવ રાજ, જાદવકુળ ક્યાં જોયુ, માહારા બાપે લાંછન લોયુ રાજ; જાદવકુળ ક્યાં જોયુ;માહારૂ કર્મ્યુ કાળજુ નથી કાંટતુ, શું કહું મુખથી વાણી; કાલે અત્યારે આણી તેને આજ કરી પટરાણીરે; જાદવકુળ ક્યાં જોયુ, માહારે બાપે લાંછન લોયું રાજ; જાદવકુળ ક્યાં જોયુ; વાહાલા તો વેરી થઇ બેઠા, દુખના ડુંગર રોપ્યા; કરચવંત ક્યાંથી રાખીતી, કુળના મારગ મેલ્યારે; જાદવકુળ ક્યાં જોયુ. તમે છાનામાના ઘેર જાવ રાજ; જાદવકુળ ક્યાં જોયુ, મારા બાપે લાંછન લોયુ રાજ; જાદવકુળ ક્યાં જોયું, ત્યારે રહીને રસીયો બોલ્યોરે, માનીતી મન બોલે, માહારી મીઠા બોલી નારરે, માનીતી મન બોલે; સાખી–તારાસમ જોતું સરખી નારી, નહી કોઇ બીજી વાહાલી, જો નારી તુ કહેતી હતે તો, સિંહને લાવું ઝાલી, માનીતી મન બોલે; શાને કાજે રાડ વધારી, સાચુ કહે સતભામા, એ તે હાથે શેક પુરષ છે; હું તારો ગજભાયા. માનીતી મન બોલો, મારી મીઠા બોલી નારરે; માનીતા મન બોલો, મુખ તમારૂ ચંદ્ર સરીખુ; અમરત સરખી વાણી જો નારી તું કહેતી હઉ તો, ઇંદ્રપુરી લાવું તાણી; માનીતી મન બોલો, મારી મીઠા બોલી નારરે; માનીતી મન બોલો; એકવાર મુખડું દે-

ખાડો; એટલું તમને જાણ્યુ, જો નારી તુ કહેતી હઉતો ઉભો ઉભો નાચ્યુ. માનીતી મન બોલો, મારી મીઠા બોલી નારરે; માનીતી મન મન બોલો. મોહનજીએ મુગટ ઉતાર્યો અબળાને શીશ નામી; બેઉ કરજોડી પાએ લાગ્યા, ગોવીંદીયાનો સ્વામીરે, માનીતી મન બોલો મારી મીઠા બોલી નારરે, માનીતી મન બોલો મારી મીઠા બોલી નારરે, માનીતી મન બોલો. પદ ૪ થુ—તમે વણ બોલ્યા ઘેર જાવરે, કાંહાંના કેહેવુ પડશે; તમને રીશ ઘણેરી ચડશે રાજ, કાહાના કેહેવુ પડશે ટેક—મારીને તમે હાથે મારી, મામાનું મુગ કહાડયું; મામા કેર ધન આવ્યું, તેનું દ્વારાપુરી વસાવ્યુંરે, કાંહાંના કહેવું પડશે; તમે વણ બોલ્યા ઘેર જાવરે, કાંહાંના કહેવું પડશે; તમને રીસ ઘણેરી ચડશે રાજ, કાંહાંના કહેવું પડશે, નંદ જસોદાએ મોટા કીધા, મુખ તમારૂ જોતાં, ધન લેતાને ધાયા ત્યારે, માબાપ મેલ્યાં રોતાંરે, કાંહાંના કહેવુ પડશે; તમને રીશ ઘણેરી ચડશે રાજ, કહાંના કહેવું પડશે, પાંડવ જ્યારે થયા તમારા, બેઉ ભાતે વણસાડા; કૌરવને નગરમાં રાખ્યા, પાંડવને વનમાં કહાડયા, કહાના કહેવું પડશે, તમને રીસ ઘણેરી ચડશે રાજ, કહાના કહેવું પડશે. ધરૂપદ સુતાએ તમને ભજ્યા, તેને માહા શોકવાન કીધી; પાતર્થીયાજી પાસે રહિને, તેની લાજ લીધીરે. કહાના કેવું પડશે. તમે વણ બોલા ઘેર જાવરે, કહાના કહેવું પડશે તમને રીશ ઘણેરી ચડશે રાજ, કાના કહેવું પડશે. મોટા મોટા જોદ્ધા તેનો રહયા તમોથી હારી; ઇંદ્રાદીક સરખા હારા તો નારી કોણુ બીચારીરે; કહાના કહેવું પડશે, તમે વણ બોલ્યા ઘેર જાવરે, કહાના કહેવું પડશે. ૫ ગોવાળીઆમાં આયો ચ્યારી, એંઠી છાશ પીધી, નારીને રીઝવવા નીકળા, તમે હજુ શીખી ન લીધીરે; કાહાના કેહેવું પડશે, તમે વણુ બોલ્યા ઘેર જાવરે, કાહાના કહેવું પડશે; તમને રીશ ઘણેરી ચડશે રાજ કહાના કહેવું પડશે. ૬ તમને લાજ શરમ ના આવે, હું તો તમથી લાજુ, રાજ તમારાં લક્ષણ જોઇને, હું તો રૂદીઆમાં દાઝુરે, કહાના કહેવું પડશે, વણુ બોલ્યા ઘેર જાવરે; કાહાના કહેવું પડશે. તમને રીસ

ઘણેરી ચડશે રાજ, કાહાના કહેવું પડશે. ૭ તમારે ઘેર હું આવી તે, માહારા કુળને લાગી ખામી; જાત જાત કાંઇ કહેતી નથી હું, ગોવીંદીઆના સ્વામીએ કાહાના કહેવું પડશે, તમે વણ બોલ્યા ઘેર જાવોરે, કહાંના કહેવું પડશે, તમને રીસ ઘણેરી ચડશે રાજ કાહાંના કહેવું પડશે. પદ ૫ મું. રાગ પંચમ–શું કીધુ રૂડું મારા કંથજી રૂક્ષમણીના વાહાલા; પારીજાતકનું પુસ્પ આપીને, શુ અહીં આવ્યા ઠાલામાલા; શુ રૂડું કીધું મારા કંથજી રૂક્ષમણીના વહાલા. ટેક સોળ વરસની સુંદરી, કોથી છે અધીકારી, પરણ્યા'તા નાની પ્રેમદા; ઘેર લાવ્યા કુવારી, શું રૂડું કીધુ મારા કંથજી, રૂક્ષમણીના વહાલા. પારીજાતકનું પુસ્પ આપીને; શું આવ્યા ઠાલામાલા; શું રૂડું કીધું મારા કંથજી, રૂક્ષમણીના વહાલા. ૧ સુરીજન મુનીજન દેખતાં, અંબા પુજવાને આવી; લંછનથી લાજી નહીં બંધવ નાંખો બંધાવી; શું રૂડું કીધુ મારા કંથજી, રૂક્ષમણીના વહાલા; પારીજાતકનું પુસ્પ આપીને શું આવ્યા અહીં ઠાલામાલા શું રૂડું કીધુ મારા કંથજી, રૂક્ષમણીના વહાલા. ૨ તમને તમ સરીખી નારી મળી, વાત જુવો તે વિચારી; માહારા સંગે શામળા, લાંછન થાશેરે મોરારી, શું રૂડું કીધુ મારા કંથજી, રૂક્ષમણીના વહાલા, પારીજાતકનું પુસ્પ આપીને શું આવ્યા ઠાલામાલા, શું રૂડું કીધુ મારા કંથજી, રૂક્ષમણીના વાહાલા. ૩ તમ સંગે લાગી રહું, તમ સરખુરે થાય, ગોવીંદીઓ વૈરાગથી, ગુણ નાભીના ગાય; શું કીધુ મારા કંથજી, રૂક્ષમણીના વહાલા; પારિજાતકનું પુસ્પ આપીને, શું અહીં આવ્યા ઠાલામાલા; શું રૂડું કીધું મારા કંથજી, રૂક્ષમણીનારે વાહાલા.

પદ ૬ ઠું—માહારો વહાલો અઢળક ઢળીઓરે, સમ ખાએ શામળિયો, ટેક. લોહાના ગજ ધીકાવો નારી, તે હું કરમાં સાહુ, તાતુ તેલ કઢાવો તેની, મધ્યે બેશી નાહાવુરે; સમ ખાએ શામળીઓ. મારો વહાલો અઢળક ઢળીઓરે, સમ ખાએ શામળીઓ. ૧ ચાલતો વિષધરને કહોતો, હાથે કરીને ઝાલુ; અંગારા ધીકાવો તેની મધ્યે હું તો ચાલુરે, સમ ખાએ શામળીઓ. ૨ માળા મુકી નીમ

કરીને, તેને હું ઉપાડું; જે પ્રમાણે પતિત આવે, તેવા સોગન ખા-
ઉરે; સમ ખાએ શામળીયો; મારે વાહાલો અઢળક ઢળીઓરે, સમ
ખાય શામળીયો. ૩ જળ ચાગમને તેજ વાજમાં, સરવે વાતમાં
પુરા; શા સોગન ખવરાવુ તમને એક નથી અધુરારે સમ ખાએ
શામળીઓ. ૪ જમુના જળની ઝારી મંગાવી, કરમાં ધ્યો મન આ-
ણી; કોઈ દહાડો આહાનું ના કરીએ, તેનું મુકે પાણીરે, સમ ખાએ
શામળીઓ, મારો વાહાલો અઢળક ઢળીઓરે સમ ખાએ સામળી-
ળીઓ. ૫ ઇંદ્ર વજ્ર જો અહીં નાહી લાવુ તો; અન પાણીની બાધા,
ગોવિંદીયાના સ્વામીએ તે સાચા સોગન ખાધારે, સમ ખાએ સા-
મળીઓ, મારો વાહાલો અઢળક ઢળીયોરે, સમ ખાએ શામળીઓ. ૬

પદ ૭ મું.—ખોલ્યાં ખોલ્યાં સોહાગણ ખોલ્યાંરે; હેત નાભી
કમલનાં ખોલ્યાંરે, શોહાગણ ખોલ્યાં; મોહન આવો મંદીરીઆમાં,
શું બેઠાછો છેલ; રીસની મારી હું તો બોલુછું; શું શાબ્ગેછો મન
મેલારે. સો૦ ખો૦ હેત નાભી કમલનાં ખોલ્યાંરે. સો૦ ૧ વાહાલા-
માં વઢવાડ કરીએ; રશીયા રોષ ન ધરીએ; રાજ તમારા મુખડા સામું
જોઈને અમો ફરીએરે. સો૦ ૨ કાલે આવ્યો તો નાદદીઓ, તેણે
સામુજાતું કીધું, તે ઉપર ત્રીભોવન વહાલા, આવડું મેં વીખ ગો-
ળી પીધું. સોહાગણ૦ ૩ ચઉદ લોકના નાથને મેં; એ શું કહી
ખાડુ વાણી; કહેલાં વચન સાંભળી સતભામા નેત્રે લાવે પાણીરે. સો.
૪ તમે જયારે જોગ કરો ત્યારે અમો કયાંથી નાશી જઇએ. નથી
અમારૂં પીયડીયુ પાશે, ત્યાં જઇ વાસો રહીએરે. સો૦ ૫ ઉઠો ના-
થજી પલંગ પધારો, સુવા ચદન ચોળુ; મારા કાળજડાની કોરતમે,
વીંઝણે વાયુ ઢોળુરે. સો૦ ૬ આ રૂપણુ સીખે સાંભળે નરનારી જે
ગાસે, નીરમળ ચીતે સાંભળશે તે; પાપી પાવન થાશે. સો૦ ૭ રીતે
ભાતે રજની ખેલો; રસ વાધ્યો નરનારી; ગોવીંદીયાના સ્વામીએ તે;
રંગભેર લીધી તાળીરે. સોહાગણ બોલ્યાંરે.

સમાપ્ત.

કથાવાર્તાના પુસ્તકો.

શ્રી કૃષ્ણ ચરિત્ર ગોકુળલીલા, મથુરાલીલા, અને દ્વારિકાલીલા અર્થાત શ્રી ભગવાનના દશમસ્કંધનું ગુજરાતી કવિતામાં ઉત્તમ રાગ રાગણી સાથે કવિરત્ન રઘુનાથદાસનું રચેલ ચરિત્ર વૈષ્ણવી સંપ્રદાય અને કથા કરનાર પુરાણીઓને અતિ ઉપયોગી સુપરરોયલ આઠ પેજી ૪૦૦ પૃષ્ઠ છતા

મૂલ્ય ૧—૮—૦ ૦—૪—૦

મહાભારત વ્યાસ વલ્લભરામ સૂર્યરામકૃત [ચિત્રો સહિત] મહાભારતની કથા કરવામાં પંકાયલા વ્યાસ વલ્લભરામની રસિક વાણીથી કોઇ ભાગ્યેજ અજાણ્યું હશે. તેમનું રચેલું ભારત અને રસિક અને મનવાંછીત ફળ આપનારૂં હોવા છતા તથા મોટી સાઇજનાં લગભગ ૧૦૨૫ પાનાં જેટલું મોટું કદ હોવા છતા આવૃત્તિમાં વ્યાસજીનું ચિત્ર અને બીજાપણ ઉત્તમ ચિત્રો નાખ્યા છે. મૂલ્ય. ૩—૦—૦ પોસ્ટેજ ૦—૮—૦

જાલંધર આખ્યાન (ખંભાત નિવાસી કવિ રેવાશંકર કૃત) એ મહાભારત મોહલું અતિ રસિક આખ્યાન છે. તેમજ જુદા પ્રસંગના ઠેકાણે ઠેકાણે ચિત્રો અને લીટીવાળા મોટા અક્ષરો હોવાથી વૃદ્ધોને પણ વાંચવા સુગમ પડે તેવું છતા મૂલ્ય ૦—૧૨—૦ પોસ્ટેજ ૦—૨—૦

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ઝવેરીવાડ અમદાવાદ.